# નિતીનભાઈની નારાજગી ભાજપને નડશે

**ખરેખર રૂપાણી સરકાર માટે આગામી દિવસો અગ્નિ પરીક્ષા જેવા હશે : પાટનગરની રાજકીય ચર્ચા : ૭૮ કલાક પછી ખાતાની ફાળવણી અને શપથવિધિથી લઈ ગઈકાલ રાત સુધીની બનેલી વિવિધ ઘટનાઓને સાંકળી પાટનગરમાં રાજકીય અફવા બજારમાં ગરમાવો : નીતિનભાઈ આજે ઓફિસ ના આવ્યા : પ્રદીપસિંહ અને કૌશિક પટેલે ચાર્જ સંભાળ્યા**

ગાંધીનગર, તા.૨૯

૭૮ કલાકથી પણ વધુ સમયના વિલંબ બાદ નવા રચાયેલા મંત્રીમંડળના મંત્રીઓના ખાતા ફાળવણીમાં બહાર આવલો આંતરિક ગજગ્રાહ ભાજપને માટે આગામી દિવસોમાં નવી સમસ્યાઓ લઈને આવશે તેવી અટકળો આજે પાટનગરના રાજકીય વર્તુળોમાં તર્ક-વિતર્ક સાથે સાંભળવા મળી હતી.

ગઈ કાલે રાત્રે જ ખાતાઓની ફાળવણીને લઈ પોતાની નારાજગીને છતી કરી ચુકેલા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ આજે તેમની કચેરીએ ફરકયા જ ન હતા અને અજ્ઞાત સ્થળે જતા રહ્યા હોવાથી પાટનગરમાં રાજકીય અફવા બજારે ભારે તેજી જમાવી હતી.

ગઈ કાલે મોડી રાત્રે પણ બેઠક પૂર્ણ થયા પછી મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ નાયબ મુખ્યમંત્રીશ્રીને તેમની નારાજગીને લઈ મનાવવાના પ્રયાસો ચાલુ રાખ્યા હોવાનું જાણવા મળેલ છે.

ગઈ કાલે જે રીતે મંત્રી મંડળમાં નારાજગીની વાતો ખાતાની ફાળવણીને લઈ બહાર આવી તેનાથી રાજકીય વર્તુળોએ આ ઘટના સહિત શપથવિધીથી ફાળવણીની



વાતોને જોડી રાજકીય ઘટનાક્રમ સારી સ્થિતિના એંધાણ આપતા નહિ હોવાની વાતો આરંભી દીધી હતી.

શપથવિધિના સમારોહ સ્થાનને લઈ ચાલેલી અટકળો અને આ પછી ૨૨ વર્ષ બાદ કેશુભાઈએ જે સ્થાને શપથ લીધા હતા અને તેમના માટે અપશુકનિયાળ સાબિત થયેલી સ્થળની પસંદગી, મંડપના નિર્માણ દરમિયાન એક મજૂરનું મૃત્યુ, ૧૯૯૫ બાદ શંકરસિંહ, મોદી અને બાપાની એક જ સ્ટેજ પર હાજરી, કેબિનેટ મંત્રી ઈશ્વરભાઈ પરમારને સ્વર્ણિમ સંકુલ-૨માં જગ્યા ફાળવતાં ઉભો થયેલો વિવાદ અને મંત્રીમંડળમાં ખાતાઓની ફાળવણીને લઈ થયેલા વિવાદના ઘટનાક્રમોને સાંકળી શરૂ થયેલી આ ચર્ચાઓએ આજે પાટનગરના રાજકીય અફવા બજારને નવી દિશા આપી હતી.

જો કે મહેસાણા જિલ્લાના કડી તાલુકાના ભાજપના કાર્યકર્તાઓમાં નારાજગીની વાતો પણ સોશ્યલ મિડિયામાં સતત ચમકતી રહી હતી.

નીતિનભાઈ પટેલ આજે તેમની ફાળવેલી ઓફિસમાં આવ્યા ન હતા અને અજ્ઞાત સ્થળે ગયાની વાતોએ ભારે ચર્ચા જગાવી હતી.

પાટનગરના રાજકીય વર્તુળોમાં એવી પણ ચર્ચા ચાલી રહી છે કે ગઈ કાલે મધ્ય ગુજરાતના ધારાસભ્યો પણ મુખ્યમંત્રી સમક્ષ જે રજુઆતો કરી ગયા છે તે આગામી દિવસો રૂપાણી માટે પડકારરૂપ બનશે તેવી શકયતાના સંકેતો આપે છે.

જો કે બીજી તરફ એવી પણ વાત થતી સાંભળવા મળી હતી કે ચૂંટણી પહેલાંથી સતત દોડધામને કારણે થાકેલા નીતિનભાઈએ આજે આરામ પસંદ કર્યો હતો.

આજે સચિવાલયમાં રાજય ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા, મહેસુલમંત્રી કૌશિક પટેલ, શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા આવ્યા હતા. જો કે ચુડાસમા થોડીક જ મિનિટોમાં રવાના થઈ ગયા હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

સોમવારે નવું વર્ષ બેસતું હોવાથી સોમવારથી બધુ સમુસુતરુ ગોઠવાઈ જશે તેવી આશાઓ પણ રાજકીય વર્તુળો વ્યકત કરી રહ્યા છે. કેટલાક દિલ્હીની દરમિયાનગીરી બધુ સરખું કરી દેશે તેવા તારણો પણ રજુ કરતા જણાયા હતા.

જો કે આગામી દિવસો પાતળી બહુમતિ હોવાને કારણે પડકારજનક જરૂર રહેશે પણ સરકાર સામે ખતરો બની રહે તેવા નહિ હોય તેવી વાતો પણ આ રાજકીય વર્તુળોમાં થતી સાંભળવા મળી હતી.

# જિલ્લામાં બટાટાની વિક્રમી ખેતી

**સસ્તુ બિયારણ તેમજ મોડી સીઝન અને કેનાલમાં પાણી છોડાતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ : ઘઉંનું વાવેતર ૨૮ હજાર હેકટરથી વધુ**

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લામાં બટાટાની ખેતી એ આ વખતે નવો વિક્રમ નોંધાવ્યો છે.આ સપ્તાહે પૂર્ણ થયેલ રવિ સીઝનની વાવણીમાં આ વખતે ૭૩૨૮ હેકટરમાં બટાટાનું વાવેતર થયું છે. સામાન્યતઃ ૬ હજાર હેકટરની આસપાસ આ વાવેતર થતું હોય છે.

બટાટાના સસ્તા બિયારણ અને મોડી સિઝન વાવણીની શરૂઆત થતાં આ વખતે વાવેતર વધ્યુ હોવાનું કારણ ખેડૂતો સાથેની વાતચીતમાં જાણવા મળ્યું છે. આ ઉપરાત સુઝલામ સુફલામની કેનાલોમાં પાણી છોડવામાં આવતા ઓછી પિયતથી પણ સારુ ઉત્પાદન મળવાની આશાથી ખેડૂતોમાં વાવણીનો ઉત્સાહ વધુ જોવા મળ્યો હોવાનું મનાઈ રહ્યું છે.

રવિ સીઝનની વાવણી આ વખતે ૩૦મી ડિસેમ્બર સુધી કાર્યરત રહી કારણ કે ઠંડીનો માહોલ પણ મોડો શરૂ થયો પરીણામે ખેડૂતોએ મોડી વાવણી આરંભી હોવાથી આ કામગીરી માસાન્ત સુધી લંબાઈ જવા પામી છે.

જિલ્લામાં રવિ સીઝનની વાવણી ૭૧,૨૩૮ હેકટરમાં થઈ છે. જેમાં સૌથી વધુ વાવણી ઘઉંની થવા પામી છે જે ૨૮૬૮૩ હેકટર જેટલી છે. ઘઉંની ખેતી સૌથી વધુ ગાંધીનગર તાલુકામાં ૮હજાર હેકટરથી પણ વધારે નોંધાઈ છે. જયારે માણસામાં ૫૨૦૦ હેકટરથી વધુ વિસ્તારમાં નોંધાઈ છે. જે જિલ્લાના ચારેય તાલુકામાં ઓછી છે.

● અનુસંધાન પાન-૭ પર

## અમીત ચૌધરીની રજુઆતથી બટાટાની ખેતી રંગ લાવી


ગાંધીનગર, તા.૨૯

સુજલામ્ સુફલામ કેનાલમાં પાણી છોડવા અંગે પૂર્વ ધારાસભ્ય અમીત ચૌધરીએ સરકારમાં ઉગ્ર રજુઆત કરતાં રાજય સરકારે તેનો સ્વીકાર કર્યો છે અને આજથી નહેરમાં પાણી છોડવામાં આવતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયેલો જોવા મળી રહ્યો છે.

ખેડૂતોએ આ વખતે બટાટાની ખેતી માટે ખેતરો પણ મોડા ખાલી થતાં પિયતની સુવિધા ઉભી થતાં વધુ વાવેતર માટે આકર્ષાયા છે.

# આર.ટી.ઓ. કચેરીમાં ડ્રાઈવીંગ ટ્રેકનુ સર્વર બંધ : અરજદારો મુંઝવણમાં મુકાયા

**બપોર બાદ સર્વર બંધ થતા ડ્રાઈવીંગ ટ્રેકની કામગીરી ઠપ્પ થઇ**



ગાંધીનગર તા ૨૯

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં છાશવારે સર્વર ડાઉન થવાના લીધે વહીવટી કામગીરી ઠપ્પ થઈ જાય છે. જયારે કચેરીમાં આવતા અરજદારોએ પણ ધક્કે ચઢવાનો વારો આવે છે. આજે પણ આવી જ સ્થિતિ થઈ હતી. આરી ટી ઓ કચેરીના સંકુલમાં ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેકનુ સર્વર બંધ થતા લાઈસન્સ માટેના અરજદારોએ ધકકો ખાઈ પાછા ફરવાનો વારો આવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં પાણીની લાઈનમાં લીકેજીસની સમસ્યાને ડામવા એજન્સીને કામ સોંપાશે

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરમાં પાણીની લાઈનમાં ઉદભવતી લીકેજીસની સમસ્યાને ડામવા માટે તંત્ર દ્વારા એજન્સીને હવે કામ સોંપવા ચક્રો ગતિમાન થયા છે. સામાન્ય રીતે ઉનાળામાં પાણીનો ઉપયોગ વધુ હોય છે. પરંતુ લીકેજીસની સમસ્યા શિયાળામાં વધુ થતી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. પાણીની લાઈનમાં પ્રેશર વધવાના લીધે લીકેજીસની સમસ્યા વધે છે. છેલ્લા ઘણાં સમયથી પાઈપલાઈનમાં લીકેજીસના પ્રશ્નને હલ કરવાનુ તંત્ર માટે શિરદર્દ સમાન બન્યુ છે. જયારે હવે લીકેજીસની સમસ્યાને ડામવા તંત્ર દ્વારા એજન્સીને કામ સોંપવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગરના મુખ્ય માર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો પર વારંવાર ખોદકામ થતા નીચેથી પસાર થતી પાણી ગટર તેમજ ઈલેક્ટ્રીક લાઈનમાં ફોલ્ટ સર્જાતા હોવાની અનેક ઘટના પ્રકાશમાં આવે છે. ખોદકામ દરમિયાન કાળજી ન લેવાતા એક યા બીજા વિભાગ માટે મોટો શિરદર્દ ઉભો થાય છે. જયારે સ્થાનિક રહીશોએ પણ જરૂરી સેવાઓમાં ખલેલનો ભોગ બનવુ પડે છે. બીજીતરફ વર્ષો જુની પાણી ગટરની લાઈનમાં પણ લીકેજીસની સમસ્યા થતી હોવાની ફરિયાદો પણ વારંવાર ઉઠવા પામે છે. શહેરમાં પાણીના લીકેજીસની સમસ્યાને ડામવા માટે તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રીયાના આધારે એજન્સીને કામ સોંપવામાં આવે છે. પરંતુ છેલ્લા ઘણાં સમયથી આ કામ સોંપવાના મામલે કોઈ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી ન હતી. જયારે લાઈનમાં લીકેજીસ ઉભુ થતા તંત્રએ દોડધામ કરવાનો વારો આવે છે.

● અનુસંધાન પાન-૭ પર



કાંકરિયા કાર્નિવલ - છેલ્લા પાંચ દિવસથી કાંકરિયા કાર્નિવલની જમાવટ ચોરે ને ચૌટે ચર્ચાય છે... ગાંધીનગરથી પણ સેંકડો કલારસિકો કાંકરિયા કાર્નિવલ માણવા ઠંડી પરવા કર્યા વિના પણ જાય છે... પ્રતિ વર્ષની જેમ વૈવિધ્યપૂર્ણ સાંસ્કૃતિક કાર્યક્રમોથી કાંકરિયા કાર્નિવલ આકર્ષણનું કેન્દ્ર બન્યો છે...

# હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ માટે મહીનાના અંતે બે દિવસ વિશેષ ઝુંબેશ

**આર ટી ઓ કચેરી દ્વારા જુના વાહનોને આવરી લેવા માટે વિશેષ અભિયાન : હાઇસિક્યુરીટી નંબર પ્લેટ વિનાના વાહનો દંડાશે**

ગાંધીનગર તા ૨૯

એચ એસ આર પી નંબર પ્લેટ ન ધરાવતા વાહન ચાલકો પાસેથી દંડ વસુલી કરવા માટે કાર્યવાહી હાથ ધરાશે. જયારે એચ એસ આર પી નંબર પ્લેટ ફરજિયાત છે. ત્યારે જુના વાહનોને પણ નિયત સમય મુજબ આવરી લેવા માટે ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા આગામી તા ૩૦ અને ૩૧ ડિસેમ્બરના રોજ નંબર પ્લેટ ફીટ કરી આપવા માટે વિશેષ અભિયાન હાથ ધરવામાં આવશે.

તમામ વાહનોને હાઈ સિકયુરિટી નંબર પ્લેટ લગાવવા માટે સુપ્રિમ કોર્ટે આદેશ કર્યો છે આ મામલે કાર્ટે પાંચ રાજયોને પણ નોટીસ આપી છે. જે અન્વયે સુપ્રિમ કોર્ટના ૭ ફેબ્રુઆરી વર્ષ ૨૦૧૨ના આદેશનો અમલ કરવા માટે શું પગલા લેવાયા તે અંગે વિવિધ રાજયોની વિગતો મંગાવી છે. જયારે ગુજરાતમાં પણ સુપ્રિમ કાર્ટના આદેશનો અમલ કરવા માટે રાજય સરકારે તમામ પોલીસ કમિશ્નર અને પોલીસ અધિક્ષકને સુચના આપવામાં આવી છે. સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ દરેક વાહનને હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ ફાળવવી ફરજિયાત છે. નવા વાહનો માટે તા ૧૬ નવેમ્બર વર્ષ ૨૦૧૨ થી કડક અમલ શરૂ કરી દેવાયો છે. પરંતુ જુના વાહનો પણ નિયમ વિરૂધ્ધ એચ એસ આર પી નંબર પ્લેટ સિવાય ફરતા નજરે પડે છે. આ મામલે સરકારે પોલીસ તંત્રને કડક અમલ માટે તાકીદ કરી છે.

સુપ્રિમ કાર્ટના આદેશ મુજબ આગામી તા ૧૫ જાન્યુઆરીના રોજ વાહનોને અધિકૃત નંબર પ્લેટ લગાવવા માટે જણાંવાયુ છે. જેમાં અનિઅધિકૃત નંબર પ્લેટ ધરાવતા વાહનોને રૂ ૫૦૦નો દંડ વસુલી કાર્યવાહી હાથ ધરવા માટે પણ સુચના આપવામાં આવી છે. ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા જુના વાહનોમાં એચ એસ આર પી નંબર પ્લેટ ફીટ કરવા માટે આગામી તા ૩૦ અને ૩૧ ડિસેમ્બરના રોજ વાહનોની આર સી બુક તેમજ તેના અસલ દસ્તાવેજ રજુ કરી નંબર પ્લેટ ફીટ કરાવી શકે તેવી વ્યવસ્થા ગોઠવી છે. વાહન માલિકોને પણ આ અંગે યોગ્ય જાગૃતતા દાખવવા જણાંવાયુ છે.

# તાલુકા પંચાયતમાં વહીવટી બેદરકારી સામે કોંગ્રેસ લાલઘૂમ

**તાલુકા પંચાયતની સામાન્ય સભામાં ચાલુ વર્ષનું સુધારા બજેટ મંજૂર કરવામાં આવ્યું**

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર તાલુકા પંચાયતની આજે મળેલ સામાન્ય સભામાં ચાલુ વર્ષનું સુધારેલુ બજેટ મંજૂર કરવામાં આવ્યું હતું તેમજ ફેબ્રુઆરી માસમાં આવી રહેલી પંચાયતની સામાન્ય ચૂંટણીને પગલે ૧૦મી સુધીમાં નવા વર્ષનું બજેટ પણ રજુ કરી અને જિલ્લાના અવલોકન માટે મોકલી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

તાલુકા પંચાયતના પ્રમુખ કાળુસિંહના અધ્યક્ષપદે મળેલી આજની બેઠકમાં વિકાસના ચાલી રહેલા કામોની સમીક્ષા પણ કરવામાં આવી હતી. આ સમીક્ષા દરમિયાન કુડાસણના રાજુ પટેલે વિકાસના કામોની ગુણવત્તા સામે પ્રશ્નાર્થો ઉભા કરી સમય મર્યાદામાં કામો પૂર્ણ કરવાના લક્ષ્યાંક સામે ગુણવત્તાસભર જ કામગીરી થાય તેવો આગ્રહ કર્યો હતો. આ બેઠકમાં વિપક્ષી નેતા કુબેરસિંહ ગોલે તાલુકા પંચાયતની વહીવટીય ભૂમિકા સામે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા હતા અને તે વધુ પ્રજાભિમુખ બને તેવી માંગ કરી હતી.

કુબેરસિંહ ગોલે આક્રમક રજુઆત કરતાં જણાવ્યું હતું કે કચેરીમાંથી ટપાલો ગુમ થઈ જવાની ઘટના ઘણી ગંભીર છે. આ ઉપરાંત સભ્યો દ્વારા કરાયેલી રજુઆતો પણ તંત્રના અધિકારીઓ સમક્ષ ઉઘરાણી માટે જઈએ ત્યારે મળતી નથી. વહીવટીય પાંખની આ અક્ષમ્ય બેદરકારી છે.

તેમણે વિભાગોનું ફાઈલીંગ અને યોજનાકીય કામગીરીનું અસરકારક મોનીટરીંગ થાય તેવો આગ્રહ પણ ટાળ્યો હતો.

આ બેઠક એ સામાન્ય ચૂંટણી પૂર્વેની મહત્વની બેઠક અને છેલ્લી બેઠક હોવાથી સભ્યો પણ વધારે આક્રમક મૂડમાં જણાતા હતા. આજની બેઠકમાં આગામી વર્ષનું અંદાજપત્ર ૧૦મી જાન્યુઆરી સુધીમાં તૈયાર કરી અને ખાસ સામાન્યસભા બોલાવી તેમાં રજુ કરી અવલોકન અર્થે જિલ્લા કક્ષાએ મોકલી આપવા પણ નિર્ણય લઈ તાલુકા વિકાસ અધિકારીને તે દિશામાં ઝડપથી કામ કરવા જણાવાયુંહતું. ફેબ્રુઆરીમાં તાલુકા પંચાયતની ચૂંટણીઓ આવી રહી હોવાથી તંત્ર એ ગંભીરતાથી આ બાબતે કામગીરી કરવી જોઈએ તેવી રજુઆત પણ સભ્યોએ કરી હતી.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ
સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com